# કવિતા શિક્ષણઃ વર્કશૉપ મૉડેલ

**ડૉ. વિપુલ ઠાકર**
આસિ. પ્રોફેસર, ગુજરાતી વિભાગ, સેન્ટર ઓફ એજ્યુકેશન, IITE, ગાંધીનગર
મો 9427747491 E-Mail : gujarati.iite@gmail.com

વર્ગખંડમાં કાવ્ય શિક્ષણ એ એક મુકાબલો છે. આ મુકાબલો કાવ્ય– સાથેનો શિક્ષકનો અને કાવ્ય સાથેનો વિદ્યાર્થીઓનો, વળી –આ મુકાબલો કાવ્ય પદાર્થ એનાં યોગ્ય રૂપમાં વિદ્યાર્થીઓને સાંપડે ત્યાં સુધીનો હોય છે. પરંતુ સાંપ્રત સમસ્યા કાવ્ય અને વિદ્યાર્થીઓ વચ્ચેના હ્રાસ થવા જઈ રહેલા સંબંધોને લઈને શિક્ષકની વધુ સજ્જતાની કસોટી કરાવે છે. કાવ્યથી છૂટા પડી રહેલા વિદ્યાર્થીઓ પુનઃ કેમ કાવ્ય તરફ દોરાય અને બૌદ્ધિક ક્ષમતા વિકસે એ કાવ્ય શિક્ષણનો પ્રથમ તબક્કો ગણાય છે.

વર્ગખંડમાં કાવ્ય શિક્ષણના આરંભે કેટલાક પ્રશ્નો પૂછીએ તો,

(1) કવિતા કેવી રીતે ભણવી ગમે?

(2) કવિતા ભણવી જ ગમતી નથી?

(3) કવિતા વાંચવી ગમે કે કેમ?

(4) કવિતા સાંભળવી ગમે?

(5) કવિતા પાઠ કરવો ગમે?

ઉપરોક્ત પ્રશ્નોના જવાબો આવે એમાં કવિતા પ્રત્યેની રુચિ– ભાષા પ્રત્યેની રુચિ–સમજણ કેળવવા વિશેની રુચિ – આવા અનેક પ્રશ્નો શિક્ષકને સમયાંતરે થવાના– થતાં જ હોય છે. પરિસ્થિતિ એ હોય છે કે કાવ્ય શિક્ષણ એ વિદ્યાર્થી અને શિક્ષક બંનેની સક્રિય સહભાગિતાથી શક્ય બને તો એ એક કાવ્ય વ્યાપાર બને છે. જો બંનેમાંથી કોઈ એક પક્ષ ઊણો ઉતરે તો નુકસાન એ બંનેને તો થાય છે, અંતે કાવ્ય પદાર્થ બહુ જ છટકણો છે – કાવ્ય એના સંદર્ભોથી પકડાયું હોય છે એ તરત હાથમાંની રેતી માફક સરી હોય છે.

ઉપરોક્ત ચર્ચાનો અર્થ કે ચીલાચાલુ કવિતા શિક્ષણ ઘણું અપૂરતું છે. કેમ કે, એમાં એક જ 'સેન્સ'નો ઉપયોગ થાય છે. જ્યારે કાવ્ય પંચેન્દ્રિયથી પામવાનો પદાર્થ છે. માટે કાવ્ય શિક્ષણ વર્ગખંડમાં પ્રથમ વાંચી જવું –ને એના અર્થો વિદ્યાર્થીને કહી આપવા (એ પણ શિક્ષકને અભિપ્રેત હોય એવા!!) આટલું જ થાય છે. પરિણામે, વિદ્યાર્થી કાવ્યથી છૂટો પડવાના ઘણાં કારણો પૈકી આ પણ મહત્ત્વનું કારણ બને છે. તો કાવ્ય શિક્ષણ માટે ચીલાચાલુ પદ્ધતિ છોડીને નવીન રીતે કાવ્ય ભણવા– ભણાવવાનું થવું જોઈએ. દૃશ્ય અને

શ્રાવ્ય ઉપરાંત અભિવ્યક્તિની વિવિધ રીતિઓ અને ટેકનિક્સ અપનાવાય તો પરિણામ યોગ્ય મેળવી શકાય છે.

**સાંપ્રત કવિતા શિક્ષણની મર્યાદાઓઃ–**

(1) વિદ્યાર્થીઓના રસ રુચિમાં બદલાવ અને તફાવત.

(2) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં શિક્ષકો દ્વારા યોગ્ય રીતે કાવ્ય પાઠ ન થતા હોય એવી વ્યાપક વિડંબનાઓ

(3) કાવ્ય વાંચીને ફક્ત પાંચ પ્રશ્નોના ઉત્તર આપવાની છીછરી પદ્ધતિઓ અને દૃષ્ટિકોણ

(4) કાવ્યના સ્વરૂપો વિશેની શિક્ષકોની અધકચરી સમજ

(5) કાવ્ય સાથે સંકળાયેલાને કાવ્ય શિક્ષણ – દરમિયાન ખોલવાના હોય એ તમામ સંદર્ભોની એક યા બીજી રીતે થતી અવગણના. આ બધી બાબતો ઉપરાંત છંદ–અલંકાર–લય જેવા કાવ્યના મહત્વપૂર્ણ તત્ત્વો વિશેનું શિક્ષકનું અધકચરું જ્ઞાન (અને જો હોય તો–આમને ભણાવવાથી શું થવાનું એવી શાહમૃગીય વૃત્તિ) કાવ્ય અને વિદ્યાર્થીઓ બંનેનું અહિત કરે છે.

તો વાસ્તવિક કાવ્ય શિક્ષણ શરૂ કરાવતા પહેલા શિક્ષક વર્ગખંડમાં એક 'પ્રિ–ટાસ્ક' આપી રાખે. જેમ કે કાવ્ય વિશે વાત કરતાં પહેલાં શિક્ષક કાવ્યના જુદા જુદા અંગોની વાત કરે, કાવ્ય શિક્ષણ માટેના 'ટૂલ્સ' જેવા કે તાલ – લય– ગેયતા વગેરે તત્ત્વોની સામાન્ય રચના કરે. ભાષા વિશેની વાત કરતા શિક્ષક સમજાવે કે સામાન્ય ભાષા અને કાવ્ય ભાષા કઈ રીતે જુદી હોય. ઉદાહરણ આપીને સમજાવે. વ્યવહારની ભાષાથી કાવ્યની ભાષા દુર્બોધ હોય એમ નહીં, પણ કઈ રીતે સૌંદર્યમંડિત હોય એવા દૃષ્ટિકોણથી આગળ વધે. ત્યારબાદ જે 'કાવ્ય'નું વર્ગખંડમાં શિક્ષણ આપવાનું છે એના જેવા બીજા એક કે બે કાવ્યોનો સંદર્ભ પણ શિક્ષક તૈયાર રાખે અને પ્રથમ એ અન્ય કાવ્યો સાથે વિદ્ધતાભરી ચર્ચા ટાળીને વિદ્યાર્થીઓ સમજે એ પ્રમાણે ખોલી આપે. આટલું કરશે એટલે આપોઆપ એવું સમજાશે કે કવિતા શિક્ષણ પ્રવૃત્તિથી ભણાવવું એ વધુ યોગ્ય માર્ગ છે.

**કવિતા શિક્ષણનું વર્કશૉપ મૉડેલઃ કવિતાનું ટાસ્ક બેઝ ટીચિંગ–સૈદ્ધાંતિક ચર્ચાઃ**

**પૂર્વ પ્રવૃત્તિ (પ્રિ–ટાસ્ક) વ્યાખ્યાઃ–**

મુખ્ય 'ટાસ્ક' કરાવતાં પહેલાં અને પ્રમુખ ટાસ્કમાં વિદ્યાર્થીઓનો પ્રવેશ સુચારુ ઢબે કરાવવા માટે વિદ્યાર્થીને આપવામાં આવતી પ્રવૃત્તિ એટલે પૂર્વ પ્રવૃત્તિ (પ્રિ–ટાસ્ક)

વર્ગખંડમાં જે કાવ્ય ભણાવવાનું છે એ કાવ્યમાં વિદ્યાર્થીઓનો યોગ્ય પ્રવેશ થાય, રસોત્પતિ થાય એ માટે કાવ્યના વિષયને અનુમોદન આપતી આ પ્રવૃત્તિ કરાવવી જે પ્રિ–ટાસ્કથી ઓળખાવીએ.

**વર્કશોપઃ–**

કાવ્યના પ્રત્યેક ભાગને ખોલીને એક એક ભાગ વિદ્યાર્થી જૂથમાં પ્રમુખ પ્રવૃત્તિ તરીકે આપીને કાવ્યના પ્રત્યેક વિભાગની ઝીણવટ અને ચોકસાઈપૂર્વક કરાવાતી એ પ્રવૃત્તિ એ વર્કશૉપ નામે ઓળખાવીએ. વર્કશૉપમાં કાવ્યના પ્રત્યેક હિસ્સાને ખોલીને અનેકવિધ દૃષ્ટિકોણથી જુદા–જુદા વિભાગોથી સંપૂર્ણપણે સમજવાનો પ્રત્યન શિક્ષક કરાવે, જેથી કાવ્યનો કોઈપણ હિસ્સો અછૂતો ન રહે અને 'ગર્ભિત ધ્વનિ' જે કાવ્યના પ્રત્યેક શબ્દમાં રહેલો હોય છે એને બહાર લાવવાનો વ્યાયામ વિદ્યાર્થીઓ પાસે અનેકવિધ રીતોથી શિક્ષક કરાવશે.

**અનુપૂર્તિ કાર્યઃ– (પોસ્ટ ટાસ્ક)**

વિદ્યાર્થી જૂથોને 'વર્કશૉપ' માટે જે ટાસ્ક આપ્યો એનું પરિણામ જે મળે એને શિક્ષક સંકલિત કરશે અને 'વર્કશૉપ'ના ટાસ્કમાં વિદ્યાર્થીઓ જે શીખ્યા એનું દઢીકરણ કેવી રીતે થાય એવી પ્રવૃત્તિને અનુકાર્ય કે 'પોસ્ટ ટાસ્ક' કહેવાય.

**વર્કશૉપ દ્વારા કાવ્ય શિક્ષણની જરૂરિયાત અને મહત્ત્વઃ–**

વર્કશૉપથી કવિતાને વિદ્યાર્થી સક્રિયપણે સમજતા થશે. કાવ્ય મુકાબલામાં વિદ્યાર્થીની ભાગીદારી વધશે તેમજ કાવ્ય સાથે અન્ય કલાઓ માટેની રુચિ પણ ઘડાશે.

**વર્કશૉપ મૉડેલનું એપ્લિકેશનઃ–**

કાર્યશાળાની પ્રવૃત્તિની શરૂઆત થાય ત્યારે વાસ્તવમાં શિક્ષકનો સક્રિય પ્રવેશ થાય છે. સૌ પ્રથમ શિક્ષક અભ્યાસક્રમમાં સમાવિષ્ટ કવિતા પસંદ કરે છે જેમ કે– રાવજી પટેલનું પ્રસિદ્ધ કાવ્ય આભાસી મૃત્યુનું ગીત. આ કાવ્ય સામાન્ય પાઠ કરીને વર્ગખંડમાં જ્યારે જ્યારે ભણાવાય છે ત્યારે કવિતાના અનેક પ્રદેશો અને સંદર્ભો વણખેડાયેલા રહી જાય છે. પરંતુ, કાવ્ય પ્રવેશનું પ્રવૃત્તિ વડે અનુકૂળ વાતાવરણ ઊભું કરવામાં આવે તો વિદ્યાર્થીઓનો કાવ્ય પ્રવેશ સારી રીતે શક્ય બને છે.

તો સૌ પ્રથમ જે કાવ્ય પ્રત્યેક વિદ્યાર્થી પાસે પાઠ્યક્રમમાં છે છતાં એમને વધુ એક 'સ્ક્રિપ્ટ' શક્ય તો આપવી જેથી કાવ્યમાં જ ધ્યાન સારી રીતે કેન્દ્રિત કરી શકે.

કાવ્ય પસંદ કરીએ..................

મારી આંખે કંકુના સૂરજ આથમ્યાં
મારી વે'લ શંગારો વીરા, શગને સંકોરો
રે અજવાળાં પહેરીને ઊભા શ્વાસ

મારી આંખે કંકુના સૂરજ આથમ્યાં.......
પીળે રે પાંદે લીલા ઘોડાં ડૂબ્યાંઃ
ડૂબ્યાં અલકાતાં રાજ, ડૂબ્યાં મલકતાં કાજ
રે હણહણતી મેં સાંભળી સુવાસ
મારી આંખે કંકુના સૂરજ આથમ્યાં....

મને રોકે પંછાયો એક ચોકમાં
અડધા બોલે ઝાલ્યોઃ અડધો ઝાંઝરથી ઝાલ્યો
મને વાગે સજીવી હળવાશ
મારી આંખે કંકુના સૂરજ આથમ્યાં....

રાવજીનું આ પ્રસિદ્ધ કાવ્ય વિદ્યાર્થી, શિક્ષક અને વિવેચક સૌની હંમેશા કસોટી કરી રહ્યું છે. પરંતુ કાવ્યમાં વિદ્યાર્થી પ્રવેશે એ પહેલાં એમને પ્રિ–ટાસ્ક આપીએ. કાવ્યને નજર સમક્ષ રાખીને નીચે મુજબની પ્રવૃત્તિઓ આપી શકીએ.

**પ્રિ–ટાસ્કઃ–**

- સૌ પ્રથમ વિદ્યાર્થીઓને જૂથમાં વહેંચી અલગ અલગ જૂથને હોમવર્ક તરીકે કે અલગ અલગ બેસાડીને તેઓ કાવ્યપાઠ મોટેથી કરે અને મોબાઈલમાં રેકોર્ડ કરીને આવે પુનઃ સાંભળે.
- પ્રત્યેક જૂથને સૂચના અપાય કે કાવ્યપાઠ દરમિયાન જેટલા જેટલા શબ્દો સમજાય એનું અને જેટલા શબ્દો ન સમજાય એનું એમ બંનેનું લિસ્ટ તૈયાર કરે. પ્રથમ આ પ્રવૃત્તિ પ્રત્યેક જૂથને આપી શકાય.

હવે પ્રત્યેક જૂથને અલગ અલગ પ્રવૃત્તિ આપીએ જેમ કે–

**એક જૂથઃ–** પ્રકૃતિના વિવિધ રૂપો વિશે એક કે બે પેરેગ્રાફ પોતાના શબ્દોમાં લખી આવે પછી વાંચે.

**બીજું જૂથઃ–**જીવન વિશે વિચારો સંકલિત કરીને લખી આવે, જીવનને સમજવા–સમજાવવા માટેના પ્રયત્નો કરે.

**ત્રીજું જૂથઃ–**મૃત્યુ વિશેના વિવિધ દ્દષ્ટિકોણ લખી આવે અને આવીને પ્રસ્તુત કરે. પૂર્વ પશ્ચિમમાં મૃત્યુ માટેનું ચિંતન શું છે તે જાણી લાવે.

**ચોથું જૂથઃ–** કાવ્યના તળપદા પ્રદેશ વિશેષના શબ્દોનું લિસ્ટ કરે અને આ કવિની અન્ય કવિતાઓનાં એ મુજબના તળપદા શબ્દો શોધી એક યાદી તૈયાર કરે અને એની ચર્ચા સૌ સમક્ષ કરે. ઉપરાંત, કાવ્યના નવા કલ્પનોની યાદી તૈયાર કરે અને એની ચર્ચા કરે.

**પાંચમું જૂથઃ–**કવિતાનો સમય સંદર્ભ, ઐતિહાસિક સંદર્ભ તપાસીને નાનો રિપોર્ટ તૈયાર કરી લાવે અને કેવા સંજોગોમાં આ કાવ્ય લખાયું એની વિગતો એકઠી કરે.

ઉપરોક્ત જૂથો દ્વારા તૈયાર થયેલા રિપોર્ટને ઝીણવટપૂર્વક શિક્ષક જોઈને નક્કી કરશે કે વિદ્યાર્થીઓ કાવ્ય પ્રવેશ માટે કેટલા તૈયાર થયાં અને એ અનુભવશે કે હવે વિદ્યાર્થીઓ સમક્ષ કાવ્ય ખૂલવું જોઈએ.

**વર્કશૉપ મૉડેલ–પ્રતિરૂપ–નમૂનોઃ–**

હવે કાવ્યની વધુ નજીક જઈ શકાય એવા ‘ટાસ્ક’ કાવ્યમાંથી જ શોધીને વિદ્યાર્થી જૂથોમાં એ પ્રવૃત્તિ કરાવીએ. અહીં જૂથોને ટાસ્ક એવી રીતે આપીએ કે જેનાથી કાવ્યના પ્રત્યેક અંગનો સાક્ષાત્કાર થાય. અનેકવિધ દૃષ્ટિકોણથી કાવ્યને ખોલાય અને ગર્ભિત ધ્વનિ–જે પ્રાપ્ત કરવા માટે વર્કશૉપ થઈ રહ્યો છે તે ધ્વનિ સૌ વિદ્યાર્થીઓ સમક્ષ ખૂલે. પ્રિ–ટાસ્કના પરિણામથી માહિતગાર થયા કે વિદ્યાર્થીઓ કાવ્ય પદાર્થ પ્રાપ્ત કરવા સક્રિય થયા છે. હવે વર્કશૉપમાં કાવ્ય–વિદ્યાર્થી–શિક્ષક ત્રણેની સીધી સંડોવણી થાય છે. થોડી પ્રવૃત્તિઓ વિદ્યાર્થી જૂથોમાં શિક્ષક કરાવે છે. સમાન જૂથોમાં વિભક્ત વિદ્યાર્થીઓને કવિતા સાથે પ્રત્યક્ષ જોડાયેલાં હોય એવાં એક ટાસ્ક આપે છે જેમ કે.......

જૂથ નં. 1– ને રાવજીની આ કવિતાની ‘ગેયતા’ – પર કાર્ય આપે છે કે આ કાવ્ય ગાઈ શકાય એવું છે કે કેમ?.....જેમાં ગુજરાતી કવિતાની સાઇટ્સ, ટહુકો.કોમ. કે ગાન ગુજરાતી . કોમ વગેરે પર કાવ્ય હોય તો સાંભળશે અને નવું સ્વરાંકન પણ શક્ય હોય તો કરે.

જૂથ નં. 2– આ જૂથ કવિતામાં પ્રયોજાએલી ચરોતરી બોલી પર કામ કરશે. ઉપરાંત, અન્ય કેટલી કવિતામાં ચરોતરીનો પ્રયોગ થયો તેની વિગતો એકઠી કરે છે. ઉપરાંત, ઉપમા અલંકાર અને કલ્પનો જે આ કાવ્યમાં નવીન સંદર્ભો સાથે આવ્યા છે એની નોંધ કરશે.

જૂથ નં. 3– આ જૂથ કાવ્ય થીમ પર ટાસ્ક કરે છે. એમાં વારંવારના કાવ્યપાઠથી જે પ્રભાવ ઉદ્ભવ્યો એને પ્રસ્તુત કરે છે. કાવ્યમાં મૃત્યુની મંગલમયતા જે રીતે પ્રગટ થઈ છે એનું વિરલ બયાન થયું છે એ વિદ્યાર્થીઓ સમજતા થાય છે.

જૂથ નં. 4– આ જૂથ રાવજીની કવિતામાં સમય સંદર્ભ પર કામ કરે છે. કવિની પરિસ્થિતિ, ક્ષય રોગ સામે, મૃત્યુનો આભાસ અને એમને થયેલું સંવેદન કાવ્ય વિષય કેવી રીતે બને છે એનો ચિતાર મેળવવા પ્રયત્ન કરે છે.

જૂથ નં. 5– આ એક જૂથ આ કાવ્ય ગીત સ્વરૂપનું છે તો ગીતના લક્ષણોની ચર્ચા કરે છે અને ગીત કાવ્ય કોને કહેવાય, એના લય, તત્ત્વ અને અંતરાને ઓળખતા શીખે છે અને આ વિષય પરત્વેના અન્ય ગીતને શોધીને એમનો આ ગીત સાથે તુલના કરીને તુલનાત્મક રિપોર્ટ તૈયાર કરે છે.

ઉપરાંત અન્ય સ્વરૂપનું કાવ્ય હોય, અ–ગેય હોય તો કાવ્યપાઠ પર ધ્યાન કેન્દ્રિત કરીને કાવ્યપાઠ કેમ કરવો જોઈએ એનું વારંવાર રેકોર્ડિંગ કરીને મોબાઇલમાં સાંભળશે અને ઉચ્ચારણ શુદ્ધિ માટે સતત પ્રયત્નો કરી શકે.

ઉપરોક્ત પાંચ જૂથો દ્વારા થતાં ટાસ્ક– એ પ્રત્યેક વિદ્યાર્થીઓની કાવ્ય સાથેની નિસબત વધારે છે અને કાવ્ય વ્યાપારની તેમની ભાગીદારી ઉત્તરોત્તર વધતી જાય છે અને વિદ્યાર્થીઓ સમજતા થયા કે આ ગીત પ્રકૃતિ અને સંવેદન મારફત એવા મૃત્યુની વાત રકે છે. જે મૃત્યુ દુઃખરૂપી નહીં, પણ જીવનના એક નવા પડાવ સુધી લઈ જાય છે. અકાળે આવનાર મૃત્યુ એક યુવાન માણસને તેની ચેતનાને કેવી રીતે ધબકી કરે છે અને આ વ્યક્તિ આ સમયે જીવનને કેટલું નીબિડપણે અનુભવે છે. અંતે તો બધું પ્રકૃતિમાં વિલિન થાય છે. પ્રકૃતિમાંથી ઉઠેલું જીવન પ્રકૃતિમાં સમાઈ જાય એ માનવજીવનનો ઉપક્રમ છે, એ વાત વિદ્યાર્થીઓ સરળ અને સહજ રીતે શીખ્યા.

**અનુકાર્યઃ(પોસ્ટ ટાસ્ક)**

વર્કશૉપ માટે વિદ્યાર્થી જૂથોએ જે ટાસ્ક કર્યા એ પ્રવૃત્તિનું દૃઢીકરણ શિક્ષક કરાવે છે, પ્રત્યેક જૂથને પ્રવૃત્તિ દરમિયાન કેવા અનુભવો તથા એની સમજશક્તિમાં શું ફેરફાર થયો એ બધું ધ્યાનમાં રાખીને રાવજી પટેલનું અન્ય એક ગીત અમે રે.... વિદ્યાર્થીને સ્વઅધ્યયન માટે આપી શકાય. અન્ય ગીતો જે ચરોતરીમાં લખાયા હોય એનું સ્વઅધ્યયન આપી શકાય.

આ કાવ્ય પહેલા વિદ્યાર્થીઓની સમજની કક્ષા શું હતી, કાવ્ય માટેનો દૃષ્ટિકોણ શું હતો? અને ઉપરોક્ત ટાસ્ક કર્યા પછી તેમની સમજમાં દૃષ્ટિબિંદુમાં થયેલું પરિવર્તન શિક્ષકે નોંધીને અન્ય સ્વઅધ્યયન માટેની કાવ્ય રચનાઓ આપવી જોઈએ. જેથી વિદ્યાર્થીઓનું દૃઢીકરણ સારું થાય અને કાવ્યરુચિ કેળવાવી શરૂ થાય.

**જરૂરિયાતઃ–**

શિક્ષક વિદ્યાર્થીને સમજાવે કે કવિતા શીખીએ છીએ ત્યારે કવિતા સાથે ઘણુંબધું શીખીએ છીએ. કવિતા તો માધ્યમ હતી, પરંતુ એ નિમિત્તે આપણે કેટલું બધું શીખતા હોઈએ છીએ. વર્ગખંડમાં જે કાવ્યનો વર્કશૉપ થાય એ સંગ્રહની અન્ય કવિતાઓના ચિત્રો તૈયાર કરાવી શકાય, મોબાઇલથી કાવ્યના વાતાવરણને લગતા પ્રકૃતિના દૃશ્ય હોય એના ફોટોગ્રાફ તૈયાર કરાવવા ઉપરાંત, કાવ્ય અને સંગીતના કાર્યક્રમ માટેનો ટાસ્ક આપી શકાય. વિદ્યાર્થીઓ

ક્લાસરૂમની બહાર જાય અને કવિતામાં જે વર્ણ્ય વિષય છે એ મુજબની સ્ક્રિપ્ટ તૈયાર કરે તો કવિતા અને નાટકનું પર્ફોર્મન્સ રાખી શકાય. કવિના જીવન અંગેની ડૉક્યુમેન્ટરી તૈયાર કરાવી સ્ક્રિનીંગ કરી શકાય.

આ રીતે વિદ્યાર્થીઓ કાવ્યને અનેક રીતોથી પ્રસ્તુત કરતાં થયાં. કવિતાનો રસ લેક્ચર પૂરતો ન રહેતા વર્ગખંડ બહાર પણ જશે. સમગ્રલક્ષી કેળવણીમાં તેઓને કવિતા શિક્ષણ અને કવિતાનું મહત્ત્વ સમજાયું. કાવ્ય શિક્ષણમાં સારું મૉડેલ એ કહેવાય કે જે સાંભળવા પૂરતું કે જોવા પૂરતું ન રહેતાં પ્રવૃત્તિ દ્વારા શીખાય–શીખાવાય. આ મૉડેલમાં દરેક વિદ્યાર્થી પોતાની પ્રકૃતિ અનુસાર શીખે છે જે પરંપરાગત કવિતા શિક્ષણ પદ્ધતિમાં શક્ય બનતું નથી. બીજું કે આ મૉડેલથી વિદ્યાર્થીઓની કાવ્ય પ્રત્યેની સમગ્રલક્ષી સૂઝ વિકસે છે. આ મૉડેલ ઈન્ટરડિસિપ્લિનરી પણ છે, કેમ કે કાવ્ય સાથે અહીં સંગીત,ચિત્ર,નાટક,જૂથચર્ચા વગેરે સમાહિત થતી હોઈ આ મૉડેલ સર્વગ્રાહી મૉડેલ બને છે.

**ઉપસંહારઃ–**

હાલના સમયમાં જ્યારે ભાષાશિક્ષણ અભૂતપૂર્વ કટોકટીમાંથી પસાર થઈ રહ્યું હોય, ઉપયોગિતાવાદની બોલબાલા હોય, કલા માટેની દૃષ્ટિ કુંઠિત થઈ ગઈ હોય ત્યારે આવા પ્રકારના મૉડેલનો ઉપયોગ વધુ ને વધુ થાય તો કાવ્યશિક્ષણ અને દ્વારા ભાષાશિક્ષણના નવા આયામો ખૂલે છે. જેમાં શિક્ષકની ભૂમિકા લેક્ચરરની મટી જઈને ટ્રેઈનરની થાય છે. પરિણામે, વર્ગખંડના કોહવાયેલા વાતાવરણમાંથી મુક્ત થઈ વિદ્યાર્થીઓ સાંપ્રત વિશ્વ વિશે વધુ અભિજ્ઞ થશે અને કવિતાનો રૂંધાતો શ્વાસ મુક્ત હવામાં શ્વસી શકશે.

**સંદર્ભોઃ–**

ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, સાર્થ જોડણીકોશ, સંક્ષિપ્તાક્ષર, પેજ નં. 1015

ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ –વિનીતકોશ, ત્રીજું પુનઃમુદ્રણ, 2000, પેજ નં. 13

રઘુવીર ચૌધરી, રાવજી પટેલના શ્રેષ્ઠ કાવ્યો, આદર્શ પ્રકાશન, અમદાવાદ, પેજ નં. 40

સુરેશ જોશી, કિંચિત, પ્રથમ આવૃત્તિ– 1963, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, પેજ નં. 24

સુરેશ જોશી, ગુજરાતી કવિતાનો આસ્વાદ, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, પેજ નં. 02.